થાઈલેન્ડમાં વિદ્યાર્થીનો ઘરે અને શાળામાં ગોળીબાર, સાતના મોત

પહેલા ઘરે દાદા-દાદીને તે પછી શાળામાં જઇને શિક્ષકો સહિત પાંચ કર્મચારીઓને મારી નાખ્યા

હત્યાકાંડ કરીને આ 14 વર્ષના છોકરાએ આપઘાત કરી લીધો, તનાવમાં હોવાનું પ્રાથમિક તારણ

નોંથાબુરી(થાઈલેન્ડ), તા. ૭(એપી): શુક્રવારે સવારે બેંગકોક પાસેની એક હાઈસ્કૂલમાં એક વિદ્યાર્થીએ અનેક લોકો પર ગોળીબાર કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા પાંચ લોકોનાં મોત થયા હતા અને અનેક અન્ય ઘાયલ થયા હતા, એમ સત્તાવાળાઓએ જણાવ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, હુમલાખોરે અલગથી તેના દાદા-દાદીની પણ હત્યા કરી નાખી હોવાનું સામે આવ્યું છે.

અધિકારીઓએ જણાવ્યું કે, હુમલાખોરે આપઘાત કરી લીધો છે. ડેપ્યુટી ઈન્ટીરિયર મિનિસ્ટર પોલાપી સુવંચ્ચીએ ઘટનાસ્થળે જણાવ્યું હતું કે, બેંગકોક પ્રાંતના ઉત્તર-પશ્ચિમમાં આવેલી 'ડેબસિરીન નોંથાબુરી સ્કૂલ' ખાતે સવારે આશરે ૧૦ વાગ્યે થયેલા આ ગોળીબારમાં શિક્ષકો અને વહીવટી સ્ટાફ સહિત પાંચ શાળા કર્મચારીઓનાં મોત થયા હતા. સુવંચ્ચીએ જણાવ્યું કે, શૂટરે સ્કૂલે જતા પહેલા તેના ઘર પર તેના દાદા-દાદીની પણ હત્યા કરી હતી.

શાળાની મુલાકાત લીધા બાદ બોલતા વડાપ્રધાન અનુતિન ચાર્નવિરાકુલે અહેવાલોની પુષ્ટિ કરી હતી કે શૂટર ૧૪ વર્ષનો હતો અને તેણે આપઘાત કર્યો હતો. તેમણે કહ્યું કે તે છોકરો, જે તેના દાદા-દાદી સાથે રહેતો હતો, તેણે શાળાને લગતા તણાવના ચિહ્નો દર્શાવ્યા હતા. તેમણે જણાવ્યું કે, પોલીસ દ્વારા નાની અને કોમ્પેક્ટ તરીકે વર્ણવવામાં આવેલી આ બંદૂક તેના દાદાના નામે કાયદેસર રીતે રજિસ્ટર્ડ થયેલી હતી. એક પ્રત્યક્ષદર્શીએ પત્રકારોને જણાવ્યું કે, વિદ્યાર્થીઓ એક રૂમની અંદર સંતાઈ ગયા હતા જ્યારે તેમને બીજા મકાનમાંથી ગોળીઓનો અવાજ સંભળાયો હતો, ત્યારબાદ પોલીસ અધિકારીઓએ દરવાજો ખખડાવ્યો અને તેમને બહાર નીકળવાનો રસ્તો કરી આપ્યો હતો. શાળામાં ગોળીબાર થયા બાદ, પોલીસ શૂટરના દાદા-દાદીના ઘરે ગઈ હતી પરંતુ દરવાજો બંધ હતો અને તેમના કોલનો કોઈ પ્રતિસાદ મળ્યો ન હતો, એમ પ્રાદેશિક પોલીસ કમાન્ડર વત્તના યીજીને જણાવ્યું હતું. વત્તનાએ જણાવ્યું કે, અધિકારીઓએ દરવાજાનું તાળું તોડી નાખ્યું અને જોયું કે દાદા અને દાદી બંને ગોળી વાગવાથી મૃત્યુ પામ્યા હતા. કથિત શૂટરના પરિવારના કેટલાક સભ્યો, જેમાં તેના કાકા અને દાદાની બહેનોનો સમાવેશ થાય છે જેઓ પોલીસ તપાસ દરમિયાન પરિવારના ઘરે હાજર હતા, તેમણે જણાવ્યું કે તે સામાન્ય રીતે એકાંતમાં રહેતો હતો અને એક સારો વિદ્યાર્થી હતો.

પેજ 3

જેન ઝીને 'જનરેશન ગટર' કહેનારી કંગનાએ હવે તેમને દેશની તાકાત અને ગૌરવ ગણાવ્યા

નવી દિલ્હી, તા. 07 : જેન ઝી પ્રદર્શનકારીઓને 'જનરેશન ગટર' કહીને ભારે વિવાદ ઊભો કર્યાના દિવસો બાદ, અભિનેત્રી અને રાજકારણી કંગના રણૌતે શુક્રવારે વલણ બદલીને તેમને ભારતની સૌથી મોટી તાકાત અને દેશની સંસ્કૃતિ તથા ઓળખના પ્રતીક તરીકે બિરદાવ્યા હતા. આરએસએસ વડા મોહન ભાગવતે જન ઝીની માગણીઓ સાંભળવી જોઈએ અને તેઓ દેશવિરોધી નથી તેમ કહ્યાના એક દિવસ પછી, કંગનાએ પણ તેમા સૂર પૂરાવ્યો હતો. સાંસદ પરિસરની બહાર પત્રકારો સાથે વાત કરતા મંડીના ભાજપ સાંસદે જણાવ્યું હતું કે, ોન ઝી આપણા દેશની તાકાત છે. આપણો યુવાવર્ગ આપણી સંસ્કૃતિ અને ઓળખના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ઉભરી રહ્યો છે તે આપણા માટે ખૂબ ખુશીની વાત છે.

'ઓહ માય ડોગ'ના સ્ક્રીનીંગમાં હાજર શ્વાનનું આક્રમક વર્તન : રવિના ટંડને સ્થિતિને સારી રીતે સંભાળી

મુંબઇ, તા. 07 : આગામી ફિલ્મ 'ઓહ માય ડોગ'ના ખાસ સ્ક્રીનિંગમાં રવિના ટંડન અને પંકજ ત્રિપાઠી સહિત અનેક પરિચિત ચહેરાઓ મુંબઈમાં એક જ છત નીચે જોવા મળ્યા. આ દરમિયાન કાર્યક્રમમાં હાજર એક શ્વાને અચાનક રવિના પ્રત્યે આક્રમક વર્તન કર્યું. આ ક્ષણ સરળતાથી ગભરાટ ફેલાવી શકી હોત, પરંતુ અભિનેત્રી શાંત રહીને પરિસ્થિતિને સંભાળી લીધી. રવિના ટંડને એક શ્વાન સાથે ફોટોગ્રાફ્રો માટે પોઝ પણ આપ્યો હતો. જો કે તે પછી અચાનક જ્યારે કૂતરાએ તેના ડ્રેસની સ્લીવના ઢીલો દોરાને ભસતા ભસતા પકડીને ખેંચતા તે ઊભી થઈ જો કે રવિનાએ ડરવાને બદલે કે કૂતરાને દૂર ધકેલવાનો પ્રયાસ કરવાને બદલે શાંત રહી હેન્ડલર્સને પરિસ્થિતિને સુરક્ષિત રીતે કાબુમાં લેવા દીધી.

મિથુન ચક્રવર્તીએ કોલકાતામાં સર્જરી કરાવી, હોસ્પિટલમાં CM સુવેન્દુ મળવા આવ્યા

કોલકાતા, તા. 07 : મિથુન ચક્રવર્તીને અહીંની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં એક નાની સર્જરી બાદ તે સ્વસ્થ થઈ રહ્યા છે. આ પીઢ અભિનેતા અને રાજકારણીની તબિયત સારી હોવાનું કહેવાય છે અને તેમને ટૂંક સમયમાં રજા આપવામાં આવે તેવી અપેક્ષા છે. શુક્રવારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ હોસ્પિટલમાં અભિનેતાની મુલાકાત લીધી અને સોશિયલ મીડિયા પર તેમની મુલાકાતની વિગતો શેર કર્યા પછી આ ઘટના પ્રકાશમાં આવી. સુવેન્દુએ તેમની સારવારનું નિરીક્ષણ કરી રહેલી તબીબી ટીમ સાથે પણ વાતચીત કરી. હોસ્પિટલની મુલાકાત બાદ મીડિયા સાથે વાત કરતા તેમણે ખુલાસો કર્યો કે ગુરુવારે રાત્રે અભિનેતાની એક નાની સર્જરી કરવામાં આવી હતી. અને તેઓએ હોસ્પિટલમાં દાખલ થવાની જાહેરાત ન કરવાનું પસંદ કર્યું હતું.

ઝારખંડ આંદોલનના સ્થળે AISA નેતા નેહા બોરા પર શાહી ફેંકાઈ

શાહી ફેંકનાર શખ્સની ધરપકડ, તેણે નેહા બોરાને દેશદ્રોહી ગણાવી

રાંચી, તા. 7(PTI): રાજ્યમાં ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ અંગે શુક્રવારે અહીં ઝારખંડ વિધાનસભા તરફ કાઢવામાં આવેલી વિરોધ કૂચ દરમિયાન એક વ્યક્તિએ ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન(AISA)ના પ્રમુખ નેહા બોરા પર શાહી ફેંકી હતી અને તેના પર દેશવિરોધી હોવાનો આરોપ લગાવ્યો હતો.

અમરનાથ પાંડે તરીકે ઓળખાયેલા આ શખ્સની અટકાયત કરવામાં આવી છે અને ધુર્વા પોલીસ સ્ટેશનમાં તેની પૂછપરછ કરવામાં આવી રહી છે, જ્યારે હજુ સુધી તેની સામે કોઈ FIR નોંધવામાં આવી નથી, તેમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. આ ઘટના બિરસા ચોક નજીક બની હતી જ્યારે ડાબેરી વિદ્યાર્થી સંગઠનો, AISA અને AISF ના સમર્થકો અને અન્ય પ્રદર્શનકારીઓ વિધાનસભા તરફ કૂચ કરી રહ્યા હતા. હટિયાના ડીએસપી નીરજ કુમારે પીટીઆઈને જણાવ્યું કે, આ માણસની ઓળખ અમરનાથ પાંડે તરીકે થઈ છે. તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. તેની સામે કોઈ FIR નોંધવામાં આવી નથી, કારણ કે અમને હજી સુધી કોઈ ઔપચારિક ફરિયાદ મળી નથી.

આ ઘટના પર પ્રતિક્રિયા આપતા બોરાએ કહ્યું, "હું શાહી ફેંકવાથી ડરવાની નથી, કારણ કે મેં દિલ્હીના પ્રદર્શન દરમિયાન પેલેટ-ગનનો સામનો કર્યો છે અને લાઠીચાર્જ પણ સહન કર્યો છે. શું તેઓ એવું વિચારે છે કે શાહી દેશભરના વિદ્યાર્થીઓ અને યુવાનોના ગુસ્સાને દબાવી શકે છે? AISA ના એક નેતા શિવાનીએ જણાવ્યું કે, અમે શાંતિપૂર્ણ કૂચ કરી રહ્યા હતા. અચાનક ભીડમાંથી એક માણસ બહાર આવ્યો અને બોરા પર શાહી ફેંકી દીધી. તેમણે આરોપ લગાવ્યો હતો કે તે માણસ ભાજપ સમર્થિત ગુંડો હતો.

ઇન્સ્ટાગ્રામ સેશનમાં લોકોના સવાલના રાહુલના આગવા અંદાજમાં જવાબો

જાત જાતના રમૂજી અને ગંભીર સવાલો પૂછાયા, રાહુલ ગાંધી હળવાશથી સૌના જવાબો આપ્યા

બેટમેન સંબંધી સવાલના જવાબમાં રાહુલે કહ્યું કોઇએ મને અને બેટમેનને એક રૂમમાં જોયા નથી

નવી દિલ્હી, તા. 7(PTI): શું તમે બેટમેન છો?, આ એક સવાલ હતો. અને રાહુલ ગાંધીએ એટલી જ સીધી રીતે, કેપ્ડ ક્રુસેડર(બેટમેન) સાથેની કોઈપણ સરખામણીને ટાળતા જવાબ આપ્યોઃ બસ એટલું સમજી લો કે કોઈએ ક્યારેય મને અને બેટમેનને એક જ રૂમમાં સાથે જોયા નથી.

લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ ગુરુવારે રાત્રે જનરેશન ઝેડ સુધી પહોંચવાના એક નવા પ્રયાસ અંતર્ગત 'આસ્ક મી એનીથિંગ' (મને ગમે તે પૂછો) સત્ર યોજ્યું હતું. અને યુવાનોએ સવાલો પૂછ્યા પણ ખરા, ઈન્સ્ટાગ્રામ પરના આ સત્ર દરમિયાન પ્રશ્નોનો મારો ચાલ્યો હતો. કેટલાક ગંભીર સવાલો હતા, તો કેટલાક સહજ અને રમુજી હતા. કોંગ્રેસ નેતાએ તે જ પ્રમાણે ક્યારેક તોફાની અંદાજમાં તો ક્યારેક નિખાલસતાથી જવાબો આપ્યા. ઝારખંડમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન અંગેના એક પ્રશ્ન પર ગાંધીએ કહ્યું કે દરેક સરકારે વિદ્યાર્થીઓ જે કહી રહ્યા છે તે સાંભળવું જોઈએ.

ગયા મહિને વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનમાંથી તેમના મનપસંદ મીમ વિશે પૂછવામાં આવતા, ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કર્યો હતો. તેમણે કહ્યું, મને લાગે છે કે મધ્યરાત્રિએ પીએમ હાઉસમાંથી જે વીડિયો સામે આવ્યા હતા તે સૌથી શ્રેષ્ઠ હતા, જે એક નવા ગભરાયેલા વડાપ્રધાનને દર્શાવતા હતા. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ આ લાઈવ ઈન્ટરેક્શનના કેટલાક ભાગ દરમિયાન તેમની માતાના કૂતરાને સાથે લાવ્યા હતા. ડોગ પેરેન્ટ હોવા અંગે તેમની મનપસંદ બાબત કઈ છે તેવા પ્રશ્ન પર ગાંધીએ કહ્યું કે તેઓ ડોગ પેરેન્ટ નથી, પરંતુ તેમની માતા પાસે 'નૂરી' નામની કૂતરી છે.

યુક્રેને રશિયાના છેક અંદરના ભાગમાં ડ્રોન હુમલા ચાલુ રાખ્યા

રશિયાની સોથી મોટી ઓનલાઇન રિટેલર કંપની વાઇલ્ડબેરિઝના વધુ એક ગોદામ પર હુમલો

આ ગોદામ સરહદથી ૨૦૦૦ કિમી કરતા પણ વધુ દૂર છે

મોસ્કો, તા. ૭(AP): સ્થાનિક અધિકારીઓ અને કંપનીએ શુક્રવારે જણાવ્યું હતું કે, રશિયાની સૌથી મોટી ઓનલાઈન રિટેલર કંપનીના યુરલ પર્વતોમાં આવેલા એક વેરહાઉસ પર યુક્રેનના લાંબા અંતરના ડ્રોને હુમલો કર્યો છે, જે બંને દેશોની સરહદથી ૨,૦૦૦ કિલોમીટર કરતાં પણ વધુ દૂર આવેલું છે.

યુક્રેને ચાલુ વર્ષે યુરલના અંતરિયાળ વિસ્તારોમાં આવેલા લક્ષ્યો પર નિયમિતપણે હુમલા કર્યા છે અને પશ્ચિમી સાઈબિરીયામાં રશિયાની એક ઓઈલ રિફાઈનરી પર પણ હુમલો કર્યો છે, જે સરહદથી લગભગ ૨,૫૦૦ કિલોમીટર દૂર છે. આ હુમલાઓ એ વાતના ઉદાહરણો છે કે કેવી રીતે કિવએ ચાર વર્ષથી વધુ સમય પહેલાં તેના ખૂબ મોટા દુશ્મન દ્વારા કરવામાં આવેલા આક્રમણના જવાબમાં ડ્રોન ઈનોવેશનને એક મુખ્ય હથિયાર બનાવ્યું છે.

કિવના અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેની આ સફળતાઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે રસ જગાડ્યો છે અને નવ દેશો સાથે ડ્રોન સહયોગ કરારો થયા છે, જ્યારે અન્ય ૧૫ દેશો સાથે વધુ કરારો માટે વાટાઘાટો ચાલી રહી છે. વાઈલ્ડબેરીઝ કંપનીએ જણાવ્યું હતું કે રશિયાના ચોથા ક્રમના સૌથી મોટા શહેર યેકાટેરિનબર્ગમાં આવેલા તેના વેરહાઉસમાં આ હુમલાને કારણે આગ લાગી હતી. કંપનીએ જણાવ્યું હતું કે મોટાભાગની સામગ્રીને નુકસાન થયું નથી, જે તાજેતરના અઠવાડિયામાં યુક્રેન દ્વારા હુમલો કરાયેલા વાઈલ્ડબેરીઝના અન્ય એક ડઝનથી વધુ ડેપો કરતાં અલગ છે, જે સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા હતા. પ્રાદેશિક ગવર્નર ડેનિસ પાસલરે જણાવ્યું હતું કે ત્રણ ડ્રોન વેરહાઉસની છત પર અથડાયા હતા. આ પ્રદેશમાં ક્રેમલિનના પ્રતિનિધિ આર્ત્યોમ ઝોગાએ જણાવ્યું હતું કે વેરહાઉસમાંથી ૮૦૦ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા અને કોઈને ઈજા થઈ નથી.

DGVCL

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

CIN U40102GJ2003SGC042909

Website : www.dgvcl.com

હવે અગાઉની સરખામણીએ વિસ્તૃત કાર્યક્ષમતા અને બહોળા ગ્રાહક પ્રતિનિધિઓ (કોલ એજન્ટ)ની સંખ્યા સાથે

DGVCL - Customer Care Centre (CCC)

૨૪X૭ ગ્રાહક સેવામાં પ્રતિબધ્ધ

(દરેક શિફ્ટમાં ૧૦૦ થી ૧૨૦ ગ્રાહક સેવા પ્રતિનિધિ સાથે ત્રણ શિફ્ટમાં કાર્યરત)

હવે વીજ કચેરીની મુલાકાત લીધા વગર ઘરે બેઠા નીચેના માધ્યમો દ્વારા વીજ ફરિયાદ નોંધાવી તેમજ વીજ સેવાઓનો લાભ લઈ શકાય છે.

ટોલ ફ્રી નં.: ૧૯૧૨૩ અને ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩ ઈમેઈલ : contactus@dgvcl.com

વોટ્સએપ નં.: ૬૩૫૭૦ ૯૭૮૩૨ (ફક્ત વોટ્સએપ મેસેજીંગ માટે) 'X' (પૂર્વે Twitter) : DGVCL_Official

મોબાઈલ એપ : DGVCL Dakshin Gujarat Vij Company Ltd Install (પ્લે સ્ટોર અને એપ સ્ટોર પર ઉપલબ્ધ)

CCC દ્વારા નીચે મુજબની ફરિયાદો સ્વીકારવામાં આવશે

- વીજ વિક્ષેપ સંબંધિત (Power Supply Related)
- સુરક્ષા સંબંધિત (Safety Related)
- બિલિંગ સંબંધિત (Billing Related)
- બિલ ચુકવણી સંબંધિત (Payment Related)
- સ્માર્ટ મીટર સંબંધિત (Smart Meter Related)
- નવા જોડાણ સંબંધિત (New Connection Related)
- સોલાર જોડાણ સંબંધિત (Solar Connection Related)
- નામમાં ફેરફાર સંબંધિત (Change of Name Related)
- મોબાઈલ નંબરની નોંધણી (Mobile Number Registration)

ફોલ્ટ રેક્ટિફિકેશન ટીમ (FRT)

- તમામ માનવંતા ગ્રાહકોને ઉપર મુજબની તમામ ફરિયાદો/સુવિધાઓ માટે ઉપર દર્શાવેલ ટોલ ફ્રી નંબર/ માધ્યમો પર જ સંપર્ક કરવા વિનંતી છે.
- આપના વિસ્તારની સ્થાનિક કચેરીઓ/અધિકારીઓ તેઓના કાર્યક્ષેત્રમાં વીજ વિક્ષેપ નિવારણ કે અન્ય ગ્રાહક સુવિધા અંગેના કામમાં વ્યસ્ત હોય તેઓને સંપર્ક કરી શકાતો નથી.
- તો આવી તમામ પરિસ્થિતિમાં ઉપર દર્શાવેલ ટોલ ફ્રી નંબર/માધ્યમો આપની ફરિયાદ/ સુવિધાઓ માટે જે-તે વિભાગ કે કચેરી સાથે ત્યાં સુધી સંકલનમાં રહેશે જ્યાં સુધી આપની ફરિયાદનું નિવારણ ન થાય.
- જેનો પ્રતિસાદ/feedback પણ આપની પાસેથી લેવામાં આવશે.
- આથી DGVCL ને લગતી તમામ કાર્યવાહી માટે આ વ્યવસ્થાનો લાભ લેવા વિનંતી.

Customer Care Centre ની કાર્યપદ્ધતિ

- ગ્રાહક સેવા પ્રતિનિધિ વીજગ્રાહકની ફરિયાદ સાંભળશે.
- વીજ ગ્રાહક દ્વારા કરવામાં આવેલ ફરિયાદનો નંબર (SMS) મારફતે ગ્રાહકને મોકલવામાં આવે છે અને જો ગ્રાહક ઈચ્છે તો ફોન પર પણ જણાવવામાં આવે છે.
- ગ્રાહક સેવા પ્રતિનિધિ દ્વારા ફરિયાદને સંબંધિત પેટા વિભાગીય કચેરી (SDO) /ફોલ્ટ રેક્ટિફિકેશન ટીમ (FRT)/અન્ય સંલગ્ન વિભાગને મોકલવામાં આવે છે.
- SDO/FRT/અન્ય સંલગ્ન વિભાગ દ્વારા ફરિયાદનું નિરાકરણ કરવામાં આવે છે.
- ગ્રાહક પાસેથી વીજસેવા અંગેનો પ્રતિસાદ લેવામાં આવે છે.



ઉપરોક્ત સુવિધાઓને વધુ અસરકારક અને ગ્રાહકલક્ષી બનાવવાના હેતુથી, આપના અનુભવો તથા અમૂલ્ય સૂચનોનું હાર્દિક સ્વાગત છે. આપનો પ્રતિસાદ કે સૂચન ટોલ ફ્રી નંબર, વોટ્સએપ નંબર, ઈ-મેઈલ, 'X' (પૂર્વે Twitter) હેન્ડલ પર આપી શકો છો.

દક્ષિણ જાપાન તરફ ધસી રહેલું 'ડોલ્ફિન' વાવાઝોડું

ઓકિનાવા ટાપુ પરનું મુખ્ય એરપોર્ટ બંધ, ફ્લાઇટો રદ

સેંકડો લોકોએ રાહત શિબિરોમાં આશરો લીધો

ટોક્યો, તા. 7(એપી): ધીમી ગતિએ આગળ વધી રહેલું વાવાઝોડું 'ડોલ્ફિન' શુક્રવારે જાપાનના દક્ષિણના અંતરિયાળ ટાપુઓ તરફ આગળ વધ્યું હતું, જેના કારણે ઓકિનાવાના એક મુખ્ય એરપોર્ટને બંધ કરવું પડ્યું હતું અને ટાપુની અંદર તથા બહાર જતી તમામ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. આ સાથે જ સેંકડો લોકોએ રાહત શિબિરોમાં આશરો લીધો છે.

જાપાન મીટીરોલોજીકલ એજન્સીના જણાવ્યા અનુસાર, શુક્રવારે મોડી સવાર સુધીમાં આ વાવાઝોડું યોરોન ટાપુ નજીક હતું અને 144 કિમી પ્રતિ કલાકની મહત્તમ પવનની ગતિ સાથે ઓકિનાવાના મુખ્ય ટાપુ તરફ પશ્ચિમ દિશામાં આગળ વધી રહ્યું હતું. ઓકિનાવા પ્રાંતના વહીવટીતંત્રે જણાવ્યું હતું કે, 70 વર્ષની આસપાસના ત્રણ પુરુષો સામાન્ય રીતે ઈજાગ્રસ્ત થયા છે - જેમાંથી બે લોકો પવનની લપેટમાં આવી ગયા હતા અને ત્રીજો વ્યક્તિ તોફાનની તૈયારી કરતી વખતે પવનના ઝાપટાના કારણે સ્ટૂલ પરથી નીચે પડી ગયો હતો. ઓકિનાવા ટાપુ પર આવેલા નાહા એરપોર્ટે જણાવ્યું હતું કે શુક્રવારે એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યું હતું અને નાહા આવતી-જતી તમામ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. 'ડોલ્ફિન' વાવાઝોડું જાપાનના દક્ષિણના મુખ્ય ટાપુ ક્યુશુના કેટલાક ભાગોને અસર કરે તેવી સંભાવના હોવાથી, ગયા અઠવાડિયે આવેલા વિનાશક ભૂકંપમાં જેમના ઘરોને નુકસાન થયું હતું તેવા રહેવાસીઓ પાણીથી થતા નુકસાનને રોકવા માટે છત અને દિવાલો પર વાદળી રંગની તાડપત્રીઓ લગાવી રહ્યા હતા. હવામાન વિભાગે રવિવાર સુધી ઓકિનાવા વિસ્તારમાં ભારે પવન, મુશળધાર વરસાદ અને દરિયામાં ઊંચા મોજા ઉછળવાની આગાહી કરી છે, અને સ્થાનિક લોકોને ઘરની અંદર જ રહેવા વિનંતી કરી છે.